# આજે દેવ ઉઠી અગિયારસ

એક વર્ષમાં ૨૪ એકાદશી આવતી હોય છે શુક્લ પક્ષની ૧૧ એકાદશી અને કૃષ્ણ પક્ષની ૧૧ એકાદશી એ મળીને કુલ ૨૪ એકાદશી થાય છે. જ્યારે અધિક માસ હોય ત્યારે વર્ષમાં ૨૬ એકાદશી હોય છે.

કાર્તિક માસની શુક્લ પક્ષની એકાદશીને દેવઊઠી એકાદશી તરીકે ઊજવવામાં આવે છે. આ એકાદશીને દેવ પ્રબોધિની એકાદશી પણ કહેવાય છે. દેવ ઉઠી અગિયારસ ૨૫ નવેમ્બર, બુધવારે છે હિન્દુ ધર્મમાં આ એકાદશીનું વિશેષ મહત્વ છે આ દિવસે ચતુર્માસ પછી ભગવાન વિષ્ણુ યોગ નિદ્રામાંથી જાગૃત થાય છે.અને સમસ્ત સૃષ્ટિ માં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે અને ભક્તોને ભગવાન વિષ્ણુના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. આ એકાદશી આલોક તેમજ પરલોક નું સુખ આપનાર છે. આ દિવસે તુલસી વિવાહ થી માંગલિક કાર્યની શરૂઆત થાય છે.



આ એકાદશી એ સર્વાર્થસિદ્ધિ યોગ ની રચના થાય છે જેનો જ્યોતિષશાસ્ત્રમાં વિશેષ મહત્વ છે. આ યોગને કલ્યાણકારી યોગ કહેવામાં આવે છે અને આ વ્રત કરવાથી ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે અને કરેલા કાર્યો માં સફળતા મળે છે. આ એકાદશીને આર્થિક સમૃદ્ધિ આપનાર તેમજ મોક્ષદાયિની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે.

એકાદશી મહિમા :-. બ્રહ્મા હે નારદ મુનિને કહ્યું કે આ એકાદશીનું વ્રત દરેક ભક્તોએ કરવો જોઈએ,આ એકાદશીનો ઉપવાસ જો વિધિપૂર્વક કરવામાં આવે તો કુળનો ઉદ્ધાર થાય છે.આ દિવસે વિષ્ણુ ભગવાન નો પાઠ કરવાથી તેમજ વિષ્ણુ સહસ્ત્ર ના જાપ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને સપ્તદ્વીપ સહિત પૃથ્વીના દાનનું ફળ મળે છે. શાસ્ત્રોમાં એમ પણ જણાવ્યું છે કે વિષ્ણુ ભગવાનની કથા સાંભળવાથી સ્વર્ગ લોકની પ્રાપ્તિ થાય છે.

પૂજા વિધિ :- આ દિવસે સ્નાનાદિ કાર્યથી પરવારીને ઘરને સ્વચ્છ કરીને ઉમરા આગળ હળદરના સ્વસ્તિક દોરીને આસોપાલવનું તોરણ બાંધવું. આ દિવસે બાજોટ ઉપર પીળા રંગનું રેશમી કપડું પાથરીને તેના ઉપર શ્રીહરિ વિષ્ણુની મૂર્તિ અથવા ફોટો, શાલિગ્રામ અને શંખ મુકવા શાલીગ્રામ નું પંચામૃતથી સ્નાન કરવું અને ષોડશોપચાર વિધિથી પૂજન કરવું ત્યારબાદ ફુલ, ચંદન અને કેસર અને ભગવાનને શેરડી, બોર, સિગોડા ચડાવવા. વિષ્ણુસહસ્ત્ર નામના પાઠ કરવા અને આરતી ઉતારવી અને પ્રસાદમાં ફળ ચડાવવા અને વિષ્ણુ ભગવાન ની વ્રત ની કથા સાંભળવી , આરતી કરવી ત્યારબાદ રાતના ભજન કીર્તન કરીને જાગરણ કરવું.

આ દિવસે તુલસી વિવાહ પણ કરવામાં આવે છે જેને વિધિ નીચે પ્રમાણે છે.

આગલા દિવસે તુલસીના છોડને પાણીનો છટકાવ કરીને સ્વચ્છ કરવામાં આવે છે અને તુલસી ક્યારા ને સરસ રંગરોગાન કરવાનું હોય છે ત્યારબાદ એકાદશીના દિવસે શેરડીના સાંઠા નો મંડપ તૈયાર કરવામાં આવે છે અને તુલસીના છોડને લાલ રંગની ચુંદડી ઓઢડવી અને શણગાર નો સામાન અર્પણ કરવો. ત્યારબાદ શ્રીહરિ વિષ્ણુના શાલીગ્રામ સ્વરૂપને સિંહાસન પર બેસાડી ને તુલસી માતા સાથે ફેરા કરાવવામાં આવે છે અને માંગલિક ગીતો ગાઈને વિવાહ સંપન્ન કરવામાં આવે છે શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર તુલસી વિવાહ કરાવનાર ભક્તને કન્યા દાન પુણ્ય પ્રાપ્ત થાય છે.

**લેખિકા : અમિતા મહેતા**

# લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૨૪

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા તેઓની ૩ દિવસીય ગુજરાત મુલાકાત અર્થે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચતાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. લોકસભા અધ્યક્ષની સાથે લોકસભાના વિરોધ પક્ષના નેતા અધીર રંજન ચૌધરી પણ પધાર્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર મહાનુભાવોના સ્વાગત વેળાએ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, પ્રદેશ ભાજપા અધ્યક્ષ તથા સાંસદ સી.આર.પાટીલ, જિલ્લા કલેક્ટર સંદીપ સાગલે અને પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ પણ ઉપસ્થિત રહ્યા હતા.



# જન્મદિને વધામણી




ગૌતમ પુરોહિત
સિનિયર પત્રકાર
મો. ૯૯૦૯૯ ૧૦૭૧૮





અભિષેક બીપીનભાઈ વ્યાસ
રાંધેજાવાળા, (ઓસ્ટ્રેલિયા)



સ્નેહા પોપટ ચક્રવર્તી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઘર ઘર સાધના સપ્તાહ મનાવી ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસાનો ઉજવાશે વાર્ષિકોત્સવ

**પ્રાણ પ્રતિષ્ઠા દ્વિતિય વાર્ષિકોત્સવ પર ઘર ઘર વિશેષ સાધનામાં જોડાશે ચોવીસ ગામોના ગાયત્રી ઉપાસકો : બે વર્ષ અગાઉ થયેલ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીની સ્મૃતિઓ તાજી કરી હરિદ્વારથી ડો.ચિન્મય પંડ્યાજી એ શુભકામનાઓ પાઠવી**

મોડાસા, તા. ૨૪

સમગ્ર માનવીઓ સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિઓ સામે બચાવ માટે પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણપ્રતિષ્ઠાનો દ્વિતિય વાર્ષિકોત્સવ પર ઘર પર રહી વિશેષ સાધના કરી ઉજવશે ચોવીસ ગામોના ગાયત્રી ઉપાસકો.

મોડાસા ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારા એ માહિતી આપતા જણાવ્યું કે હાલની પરિસ્થિતિ નિયમો અનુસાર વાર્ષિકોત્સવનો સામૂહિક કાર્યક્રમ સંભવ ન હોવાથી આ વખતે સૌને પોતાના ઘર પર જ રહી તા. ૨૩ થી ૩૦ નવેમ્બર દરમિયાન પ્રાણપ્રતિષ્ઠા વાર્ષિકોત્સવ સાધના સપ્તાહ ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોડાસા તેમજ આસપાસના ચોવીસ ગામોમાં સાધકો દ્વારા સૌના સ્વાસ્થ્ય, ઉજ્જવળ ભવિષ્ય માટે તથા ગાયત્રી ચેતના કેન્દ્ર માં પવિત્રતા-દિવ્યતામાં વૃદ્ધિ થાય એવા ભાવ સંકલ્પ સાથે આઠ દિવસ સુધી ગાયત્રી મહામંત્રની વિશેષ સાધના, પ્રાર્થના અને દેવ દિવાળીના દિવસે સ્વયં દરેક પોતાના ઘેર યજ્ઞ કરી વિશેષ ઔષધીય જડી બુટ્ટીઓની આહુતિ આપી પૂર્ણાહુતિ કરવામાં આવશે.





આ ગાયત્રી ચેતના કેન્દ્રની સ્થાપના પછી મોડાસા તેમજ આસપાસના ગામો માટે આ કેન્દ્ર ફક્ત શ્રદ્ધા જ નહીં પણ માનવતાના કલ્યાણ અર્થે જનજાગૃતિ માટે સક્રિય પ્રયાસ કરતું રહ્યું છે.

હરિદ્વાર ખાતેની દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ આદરણીય ડૉ. ચિન્મય પંડ્યાજીની ઉપસ્થિતિ માં બે વર્ષ અગાઉ નવેમ્બર ૨૦૧૮ માં થયેલ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીની સ્મૃતિઓ તેઓએ યાદ કરી મોડાસાના ગાયત્રી ચેતના કેન્દ્રને આદર્શ જન જાગૃતિનું કેન્દ્ર ગણાવી પ્રેરણાદાયી વિડિયો સંદેશ પાઠવી સૌનું મનોબળ વધાર્યું.


# ૩૦મી નવેમ્બરે છાયા ચંદ્રગ્રહનો અવકાશી નજારો જોવા મળશે...

**ભારતના પૂર્વ ભાગમાં જયારે વિશ્વના અમુક દેશોમાં અદભૂત નજારો**

વિશ્વના અમુક પ્રદેશો – દેશોમાં સોમવાર તા. ૩૦ મી નવેમ્બરે માદ્ય–છાયા ચંદ્રગ્રહણનો અદભુત અવકાશી નજારો બનવાનો છે. ભારતના પૂર્વ ભાગમાં ગ્રસ્તોદય સ્થિતિમાં જોવા મળશે છાયા ચંદ્રગ્રહણમાં પ્રકાશમાં સામાન્ય ફેરફારો ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાય છે નરી આંખે પણ જોઈ શકાય છે રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપી માહિતગાર કરવાના છે. આ વર્ષે કોરોનાના કારણે મર્યાદિત જાગૃતોની હાજરીમાં આયોજન ગોઠવ્યું છે.

સવંત ૨૦૭૭ કાર્તકિ સુદ પુનમ સોમવાર તા ૩૦ મી નવેમ્બરે વૃષભ રાશિ રોહિણી નક્ષત્રમાં થનારું માદ્ય–છાયા ચંદ્રગ્રહણ ભારતના પૂર્વ ભાગમાં જયારે એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસીફિક, અમેરિકામાં આહલાદક અદભુત નજારો જોવા મળશે.

માંદ્ય-છાયા ચંદ્ર ગ્રહણ તા.૩૦-૧૧-૨૦૨૦





ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૧૨ કલાક ૫૯ મિનિટલ ૪૧ સેકન્ડલ ગ્રહણ મધ્ય : ૧૫ કલાક ૧૨ મિનિટ ૩૪ સેકન્ડલ ગ્રહણ મોક્ષ : ૧૭ કલાક ૨૫ મિનિટ ૩૨ સેકન્ડલ ગ્રહણ ગ્રાસમાન : ૦. ૨૫૮ રહેશે.

એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસીફિક અને અમેરિકામાં છાયા ચંદ્રગ્રહણ દેખાવાનું છે ભારતમાં ગ્રસ્તોદય સ્થિતિમાં અલ્હાબાદલ બાલીલ ભાગલપુરલ ભુવનેશ્વરલ બોકારોલ કટકલ ગોરખપુરલ જમશેદપુરલ લખનઉંલ પટણા પુર્વ ભાગમાં આવતા વિસ્તારોમાં નજારો જોવા મળશે જાથા ચંદ્રબિંબની ઉપર થતા બદલાવો ટેલીસ્કોપની મદદથી જાણી લોકોને પ્રકાશના ફેરફારો અંગે જાણકારી આપવાના છે. તેથી ગ્રહણ પાળવું અને ન પળવું વિગેરે તૂત સદીઓથી ભારતમાં જોવા મળે છે ગ્રહણને કશી જ નિસ્બત નથી અને સ્નાનસૂતક સાથે સંબંધ નથી. જાથા વેધાદિ નિયમોનો કાયમી ભુક્કો બોલાવવા ઈચ્છે છે.

સૂતક - બૂતકને દફનાવી ઝંપશે. રાજયમાં ગ્રહણ સમયે લોકો નરી આંખે જોવે સાથે ચા - નાસ્તો કરીને લેભાગુઓના ફળકથનોની ઠેર ઠેર હોળી કરવામાં આવશે જાથા લોકોમાં માનસિક ભય - ડર દૂર કરવાનું અભિયાન ચલાવે છે.

લેભાગુઓના નકારાત્મક ફળકથનોની હોળી કરાશે રાજયમાં લોકો પોતાના ઘરેથીલ અગાસી કે ખુલ્લી જગ્યાએથી ગ્રહણ જોઈ શકે છે. નરી આંખે જોવામાં કોઈપણ પ્રકારનું જોખમ નથી.

પૃથ્વી ઉપર હજારો ચંદ્ર - સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદ્દી દંતકથાઓલ માન્યતાઓલ પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ - ક્રિયાકાંડોલ વૈધાદિ નિયમો સુતક - બુતક ઠોકીલ શારીરિક - માનસિકલ આર્થકિ શોષણનું કામ લેભાગુઓએ ઉભું કર્યું છે.

તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન–પુણ્યલ જપ–તપલ સ્નાન કરવુંલ રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ અને અમુક જયોતિષીઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે જેથી જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે.

# ગુજરાત સામયિક પરિવેશ મંચ પર હિન્દી કવિ સંમેલન ઑનલાઈન યોજાયું



ગાંધીનગર, તા. ૨૪

સામયિક પરિવેશ ગુજરાત પ્રદેશ મંચ પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન સામયિક પરિવેશના સંપાદક મમતા મેહતોરમા, ના અધ્યક્ષ પદે તારીખ ૨૨ નવેમ્બર ૨૦૨૦ ના રોજ રાત્રે ૮ વાગ્યે યોજાઈ ગયું.

આ પ્રસંગે રાજ્ય પ્રભારી ગુજરાતના ડૉ ગુલાબચંદ પટેલ, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા,સરસ્વતી વંદના બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી આ કાર્યક્રમ ના સંયોજક શ્યામ ભારતી ઝારખંડ ઉપસ્થિત રહ્યા હતા તેઓએ અતિથિ ઓ નું શબ્દો થી સ્વાગત કર્યું હતું આ કાર્યક્રમ માં કુલ મળીને ૬૪ કવિ ઓ ભારત ભરમાં થી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ નું સંચાલન વીના અડવાણી મહારાષ્ટ્ર દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમ ના અંતે ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સરવે કવિ મિત્રો અને અતિથિઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.



સરખેજ કેળવણી મંડળના પ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા સમગ્ર સ્ટાફને સ્ટીમ મશઈનનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં એમનો એક જ ઉદ્દેશ રહ્યો હતો કે શાળાના સમગ્ર કર્મચારી મિત્રો સ્વસ્થ અને સુરક્ષિત રહે.

# લાયન્સ ઈન્ટરનેશનલની પીસ પોસ્ટર ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

લાયન્સ ક્લબ ૩૨૩૨ બી૧ તરફથી ઓક્ટોબર ૨૦૨૦માં પીસ પોસ્ટર ચિત્ર સ્પર્ધા ડિસ્ટ્રિક્ટ ગવર્નર નરેન્દ્રભાઈ પટેલ અને પીસ પોસ્ટર સ્પર્ધાના ડિરેક્ટર ભારતીબેન બલદાનીયાના નેતૃત્વ હેઠળ ગુજરાતની શાળાઓ ના બાળકો માટે યોજાઈ હતી. તાજેતરમાં જ આ સ્પર્ધાનું રિઝલ્ટ આવ્યું. આ સ્પર્ધામાં લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ તરફથી દિવ્યપથ શાળાના આચાર્ય અને ડ્રોઈંગ શિક્ષક દ્વારા પસંદ કરવામાં આવેલા ચિત્રો ડિસ્ટ્રિક્ટ લેવલ પર મોકલવામાં આવ્યા હતા.

ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ B1 ની બધી લાયન્સ ક્લબો માંથી આવી રીતે લગભગ ૨૫૦ ચિત્રો આવ્યા હતા. આ ૨૫૦ ચિત્રો માંથી બેસ્ટ ૧૫ ચિત્ર ની પસંદગી કરવામાં. આવી હતી. આ બેસ્ટ ૧૫ ચિત્રો મા લાયન શાહીબાગ ક્લબ ના અને દિવ્યપથ શાળાના ત્રણ ચિત્રો ની પસંદગી થઈ હતી

બેસ્ટ ૧૫ માં પ્રથમ ઈનામ ધોરણ ૭ માં ભણતી દિવ્યપથની લેઈસા નામની વિદ્યાર્થીની ને મળ્યું હતું, અને ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ ડાયરેક્ટર લાયન પ્રવીણ છાજેડ અને ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન નરેન્દ્ર પટેલ ના હસ્તે ઈનામ સ્વરૂપે લેઈસા ને બાઈસીકલ એનાયત કરવામાં આવી હતી. લેઈસાનું આ ચિત્ર હવે મલ્ટીપલ માં જશે અને એમાં જો પ્રથમ નંબર આવશે તો ઈન્ટરનેશનલ મા ૭૫ દેશો વચ્ચે ની સ્પર્ધામાં જશે. દિવ્યપથ ની રિયા પટેલ અને ઉન્નતિ ગજ્જરનો સમાવેશ પણ ટોપ ૧૫ માં થવાથી એમને પણ ઈનામો પ્રાપ્ત થયા હતા. તથા અન્ય ૧૩ વિદ્યાર્થીઓને લગભગ ૧૦૦૦ રૂપિયાની કીટ આપવામાં આવી હતી.





સેકટર-૧૫ કચેરી સંકુલ ખાતે સેકન્ડ ઈન્ડીપેન્ડેન્ટ કોન્વોય ગુજરાત એન.સી.સી. કેડેટનો બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. તેમાં ૫૦ થી વધારે એન.સી.સી. કેડેટે ભાગ લઈ બ્લડ ડોનેટ કર્યું હતું